# ટેસ્ટ વિના લાયસન્સ બનાવતી ટોળકી 3 દિવસના રિમાન્ડ પર

**ટોળકી** પાસેથી મોબાઈલ એપ્લિકેશનની મદદથી એડિટ કરીને બનાવેલા 13 નકલી લર્નિંગ લાયસન્સ મળી આવ્યા હતા

સુરત : શહેર સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) એ ડ્રાઇવિંગ ટેસ્ટ પાસ કર્યા વગર જ લાયસન્સ અપાવવાના બહાને નિર્દોષ નાગરિકો પાસેથી હજારો રૂપિયા પડાવતી એક રીઢા ગુનેગારોની ટોળકીને ઝડપી પાડી છે. પોલીસને આ ટોળકી પાસેથી 13 જેટલા નકલી લર્નિંગ લાયસન્સ મળી આવ્યા છે, જે તેમણે મોબાઈલ એપ્લિકેશનની મદદથી એડિટ કરીને બનાવ્યા હતા. પોલીસે તેમની ધરપકડ કરી તેમને કોર્ટમાં રજૂ કરી ત્રણ દિવસના રિમાન્ડ મેળવ્યા છે. આરોપી પજેશ માણિયા વિરુદ્ધ પ્રોહીબીશન સહિતના 7 જેટલા ગુનાઓ નોંધાઈ ચૂક્યા છે.

SOGની ટીમે શનિવારે સાંજે કાપોદ્રા વિસ્તારના રાજગાર્ડન રોડ પાસે વોચ ગોઠવી હતી. આ ઓપરેશન દરમિયાન પોલીસે પજેશ ઉર્ફે રચુ જગદીશ માણિયા (રહે. સાગર રો-હાઉસ, મોટા વરાછા), ધર્મેન્દ્ર ઉર્ફે ધર્મેશ વિઠ્ઠલ શેખડિયા (રહે, તાપી દર્શન સોસા-2, નાના વરાછા, પ્રફુલ્લ ઉર્ફે RTO વિપુલ પટેલ રવજી ગજેરા (રહે. શ્રીજી કોમ્પ્લેક્ષ, કામરેજ) અને રવિ જેઠાગાંગડિયા (રહે. શિવજર્શન સોસાયટી-3, કાપોદ્રા)ને પકડી પાડ્યા હતા.

આ ટોળકી લાયસન્સ કઢાવવા ઈચ્છતા લોકોનો સંપર્ક કરી તેમને વિશ્વાસમાં લેતી હતી કે આર.ટી.ઓ.માં ટેસ્ટ આપ્યા વગર જ લાયસન્સ મળી જશે. આ કામ પેટે તેઓ 7 થી 10 હજાર રૂપિયા વસૂલતા હતા. નાણાં મેળવ્યા બાદ તેઓ સરકારી પોર્ટલ જેવા જ દેખાતા લર્નિંગ લાયસન્સ ફોટા એડિટિંગ એપની મદદથી બનાવીને ગ્રાહકોને પધરાવી દેતા હતા. પોલીસે હાલ આ ચારેય આરોપીઓની ધરપકડ કરી કોર્ટમાં રજૂ કરી 5 દિવસના રિમાન્ડ માંગતા કોર્ટે 3 દિવસના રિમાન્ડ મેળવ્યા છે. રિમાન્ડ દરમિયાન વધુ તપાસ હાથ ધરી છે કે તેમણે અત્યાર સુધી કેટલા લોકોને આ રીતે શિકાર બનાવ્યા છે અને આ કૌભાંડના તાર ક્યાં સુધી જોડાયેલા છે. આરોપી પજેશ માણિયા વિરુદ્ધ અગાઉ સરથાણા, વરાછા, કાપોદ્રા અને ઉત્રાણ પોલીસમાં પ્રોહીબીશન સહિતના 7 જેટલા ગુનાઓ નોંધાઈ ચૂક્યા છે.

### વોટ્સએપ અને QR કોડથી ચાલતું હતું કાળુંબજાર

મળતી માહિતી મુજબ, આ ટોળકી કાપોદ્રા વિસ્તારમાં સક્રિય હતી અને ઓનલાઈન માધ્યમથી લોકોનો સંપર્ક કરતી હતી. તેઓ લાયસન્સ કઢાવવા ઈચ્છતા લોકો સાથે વોટ્સએપ દ્વારા વાતચીત કરી વિશ્વાસમાં લેતા હતા. પેમેન્ટ માટે અલગ-અલગ બેંક ખાતાઓના QR કોડનો ઉપયોગ કરવામાં આવતો હતો. એક લાયસન્સ દીઠ આ ટોળકી 7,000 થી 10,000 રૂપિયા સુધીની રકમ વસૂલતી હતી.

### 50 થી વધુ લોકો ભોગ બન્યાની આશંકા

પોલીસને અત્યાર સુધીમાં 13 જેટલા બોગસ લાયસન્સ મળી આવ્યા છે, પરંતુ પ્રાથમિક પૂછપરછમાં એવું બહાર આવ્યું છે કે છેલ્લા 6 મહિનામાં આ ટોળકીએ 50 થી વધુ લોકોને નકલી લાયસન્સ પધરાવી દીધા છે. પોલીસે સ્પષ્ટ કર્યું છે કે આ કૌભાંડમાં આરટીઓના કોઈ કર્મચારીની સંડોવણી અત્યાર સુધી જણાઈ નથી, આરોપીઓ જાતે જ એડિટિંગ કરીને લાયસન્સ બનાવતા હતા.

### WPS સોફ્ટવેર/એપ્લિકેશનનો ઉપયોગ કરીને બોગસ લર્નિંગ લાયસન્સ તૈયાર કરતા

જ્યારે ગ્રાહક ઓનલાઇન વિગત આપે ત્યારે પ્રજેશ નામનો આરોપી પોતાના મોબાઈલમાં WPS Applicationનો ઉપયોગ કરતો હતો. આ એપ મારફતે તે લાયસન્સના ફોર્મેટમાં એડિટિંગ કરી જે-તે વ્યક્તિના ફોટા અને નામ ચડાવી દેતો હતો. આમ, એક પણ રૂપિયો સરકારી તિજોરીમાં જમા કરાવ્યા વગર કે કોઈ પણ પ્રકારની પરીક્ષા અપાવ્યા વગર જ નકલી લર્નિંગ લાયસન્સની પીડીએફ ફાઈલ ગ્રાહકને મોકલી દેવામાં આવતી હતી. ગ્રાહકને લાયસન્સ સોફ્ટ કોપીમાં મળતું હોવાથી તેને શરૂઆતમાં શંકા જતી નહોતી. આ નકલી લાયસન્સની માન્યતા 6 મહિના દર્શાવવામાં આવતી હતી.

### ચારે મિત્રો આખા રેકેટમાં અલગ અલગ ભૂમિકા ભજવતા હતા

» પ્રફુલ્લ પટેલ અને રવિ ગાંગડિયા લોકોની વચ્ચે જઈને અથવા વોટ્સએપ દ્વારા એવી ઓળખ આપતા હતા કે તેઓ 'RTO એજન્ટ' છે અને આરટીઓ કચેરીમાં તેમની મોટી વગ છે. તેઓ લોકોને લાયસન્સ અપાવવાના બહાને સંપર્ક કરતા હતા.

» ધર્મેન્દ્ર શેખડીયા આરટીઓની ઓફિશિયલ m-parivahan એપ્લિકેશનમાં અધૂરી એન્ટ્રી કરીને ગ્રાહકોના મોબાઈલ પર ઓટીપી (OTP) મંગાવવાનું કામ કરતો હતો, જેથી સામેવાળા વ્યક્તિને એમ લાગે કે ખરેખર સરકારી પ્રોસેસ થઈ રહી છે.

» પ્રજેશ માણીયા (મુખ્ય સૂત્રધાર) ટેક્નોલોજીનો ઉપયોગ કરી ફોનમાં જ લાયસન્સ એડિટ કરી આપતો હતો.

# વડોદરાના આરોપીએ પોલીસ સ્ટેશનમાં એસિડ પીધુ

**ત્રણ** હોસ્પિટલ બદલી છતાં જીવ ન બચ્યો

સુરતઃ સચિન પોલીસ સ્ટેશનમાં ફેબ્રુઆરી મહિનામાં નોંધાયેલા વાહન ચોરીના ગુનામાં પૂછપરછ માટે લાવવામાં આવેલા એક વૃદ્ધ આરોપીએ કુદરતી હજાતે જવાનું કહી શૌચાલયમાં રહેલું એસિડ પી લેતાં ટૂંકી સારવાર બાદ તેનું મોત નીપજ્યું છે.

ઘટનાની વિગત મુજબ ગત 11 ફેબ્રુઆરી, 2026ના રોજ કનકપુરમાં કાર ચોરાતા ગુનો નોંધાયો હતો. આ ગુનામાં ટેકનિકલ સર્વેલન્સના આધારે 65 વર્ષીય સૈયદ બદરૂદ્દીન મયુદ્દીન (રહે., જલારામ પાર્ક અક્તાનગર, વડોદરા)ની સંડોવણી સામે આવી હતી. સચિન પોલીસની ટીમ તે ગોધરા હોવાનું જાણવા મળતા તેને પકડી પાડી સુરત લાવી હતી અને ડી-સ્ટાફની ઓફિસમાં તેની પૂછપરછ ચાલી રહી હતી. ACP નિરવ ગોહિલના જણાવ્યા મુજબ પૂછપરછ દરમિયાન આરોપીએ શૌચાલય જવાનું બહાનું કાઢ્યું હતું. પોલીસ કર્મચારીની હાજરીમાં જ તે અંદર ગયો હતો અને ત્યાં સફાઈ માટે રાખેલું એસિડ પી લીધું હતું. એસિડ પીધા બાદ તુરંત તેને ઊલટીઓ અને અસહ્ય દુખાવો થતાં તેણે પોતે જ પોલીસને જાણ કરી હતી. ગંભીર હાલતમાં આરોપીને તાત્કાલિક ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. ત્યારબાદ વધુ સારવાર માટે તેને સમર્પણ અને અંતે સીડ્સ હોસ્પિટલમાં ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો. નિષ્ણાંત તબીબોની સઘન સારવાર છતાં ઝેરી અસરને કારણે તેનું મોત નીપજ્યું હતું.

મૃતક સૈયદ બદરૂદ્દીન વિરુદ્ધ અગાઉ વિવિધ પોલીસ સ્ટેશનોમાં અંદાજે 15 જેટલા ગુના નોંધાયેલા હતા. તેની અગાઉ બાયપાસ સર્જરી પણ થઈ હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે.

# આજે સિટી બસ-BRTSના અનેક રૂટ બંધ

**આંબેડકરની** જન્મજયંતિ નિમિત્તે નીકળનારી રેલીથી રૂટબંધ

સુરતઃ સુરત શહેરમાં આજે ડૉ. બાબાસાહેબ આંબેડકરની જન્મ જયંતીની ઉજવણીના ભાગરૂપે વિવિધ વિસ્તારોમાંથી વિશાળ રેલીઓ નીકળી માનદરવાજા ખાતે એકત્રિત થવાની છે. ટ્રાફિકની સમસ્યા નિવારવા માટે પોલીસ કમિશનરના જાહેરનામા અનુસાર માનદરવાજા તરફ આવતા ભારે વાહનો પર પ્રતિબંધ અને ડાયવર્ઝન લાદવામાં આવ્યું છે. આ ફેરફારને પગલે સુરત મહાનગરપાલિકા દ્વારા રિંગ રોડ પરથી પસાર થતાં સિટી બસ અને બીઆરટીએસના વિવિધ રૂટોમાં સવારના 6 વાગ્યાથી કાર્યક્રમ પૂર્ણ થાય ત્યાં સુધી ફેરફાર કરવામાં આવ્યા છે. આ સમયગાળા દરમિયાન સિટી બસ અને બીઆરટીએસના અનેક રૂટો સંપૂર્ણ બંધ કરવામાં આવ્યા છે, જ્યારે અમુક રૂટોને ડાયવર્ટ કરવામાં આવ્યા છે.

### સંપૂર્ણ બંધ કરવામાં આવેલા બસ રૂટો

- રૂટ નં. 01 અને 02 (સિટી બસ): અડાજણ જી.એસ.આર.ટી.સી. લૂપ (ક્લોક અને એન્ટી-ક્લોક વાઈઝ)
- રૂટ નં. 104 (સિટી બસ): રેલવે સ્ટેશન ટર્મિનલ થી સાણિયા કણદે
- રૂટ નં. 105 (સિટી બસ): રેલવે સ્ટેશન થી ચીકુવાડી
- રૂટ નં. 116 (સિટી બસ): રેલવે સ્ટેશન થી ખજોદ ગામ
- રૂટ નં. 126 (સિટી બસ): રેલવે સ્ટેશન થી વી.એન.એસ.જી. યુનિવર્સિટી
- રૂટ નં. 146 (સિટી બસ): રેલવે સ્ટેશન ટર્મિનલ થી ગેલ ઈન્ડિયા લિમિટેડ વી.આઈ.પી.
- રૂટ નં. 153 (સિટી બસ): ઉમરા ગામ થી કાપોદ્રા
- રૂટ નં. 254 (સિટી બસ): કતારગામ થી લીંબાયત
- રૂટ નં. 209 (સિટી બસ): ડો. શ્યામાપ્રસાદ મુખર્જી બ્રિજ થી વૃક્ષલક્ષ્મી સોસાયટી
- રૂટ નં. 204 (સિટી બસ): ચોક થી રાજ એમ્પાયર ગોડાદરા
- રૂટ નં. 302 (સિટી બસ):ખરવરનગર થી ડભોલી

**સંપૂર્ણ PTT અને 5 નવા વિમાન પાર્કિંગ સ્ટેન્ડ વપરાશ માટે DGCA ની મંજૂરી**

# સુરત એરપોર્ટ પર 5 નવા એરક્રાફ્ટ પાર્કિંગ સ્ટેન્ડથી ક્ષમતામાં વધારો થશે

**પેરલલ** ટેક્સી ટ્રેક સંપૂર્ણ કાર્યરત બનતા રનવે ઉપયોગ ક્ષમતા દોઢથી બમણી, વધુ ફ્લાઇટ્સ માટે રસ્તો મોકળો



સુરત : ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિયેશન દ્વારા સુરત આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર સંપૂર્ણ પેરલલ ટેક્સી ટ્રેક (PTT) અને 5 નવા વિમાન પાર્કિંગ સ્ટેન્ડના વપરાશ માટેની મંજૂરી આપી દેવામાં આવી છે. 14 મે 2026 થી 5 નવા એરક્રાફ્ટ બેય (પાર્કિંગ સ્ટેન્ડ) સાથે ક્ષમતામાં ઐતિહાસિક વધારો થવા જઈ રહ્યો છે. એવી જ રીતે વેસુ 22 રનવે નજીકનું પેરલલ ટેક્સી ટ્રેક (PTT) નું કામ પૂર્ણ થયાને ત્રણ મહિના થયા પછી DGCA એ ઈન્સ્પેક્શન પછી એના વપરાશની પણ મંજૂરી આપી છે.

એરપોર્ટ ઓથોરિટીના સૂત્રોના જણાવ્યા મુજબ સુરત સહિત દક્ષિણ ગુજરાતના ઝડપી વિકાસને અનુકૂળ બનાવતા મહત્વપૂર્ણ પગલા રૂપે સુરત આંતરરાષ્ટ્રીય એરપોર ખાતે 14 મે 2026 થી 5 નવા એરક્રાફ્ટ પાર્કિંગ સ્ટેન્ડ (બેય) કાર્યરત કરવામાં આવશે. આ વિકાસથી એરપોર્ટની ઓપરેશનલ ક્ષમતા નોંધપાત્ર રીતે વધશે અને નવી શેડ્યૂલ ફ્લાઇટ્સ શરૂ કરવાની સંભાવનાઓમાં વધારો થશે.

આ નવા બેય ઉમેરાતા એરલાઈન્સ માટે વિમાનો પાર્ક કરવા વધુ સુવિધા ઉપલબ્ધ બનશે, જેના કારણે હાલની ફ્લાઇટ્સના વિસ્તરણ સાથે નવી ફ્લાઇટ્સ શરૂ કરવી સરળ બનશે. સુરત તથા આસપાસના ઔદ્યોગિક વિસ્તારોમાં વધતી હવાઈ મુસાફરીની માંગને ધ્યાનમાં રાખીને આ મહત્વપૂર્ણ પ્રોજેક્ટ પૂર્ણ કરવામાં આવ્યો છે.

આ સાથે જ 14 મે થી પેરલલ ટેક્સી ટ્રેક (Parallel Taxi Track - PPT) પણ સંપૂર્ણ રીતે કાર્યરત બની જશે. અગાઉ આ ટ્રેક આંશિક રીતે ઉપયોગમાં હતો, પરંતુ હવે સંપૂર્ણ ઓપરેશન શરૂ થતાં રનવે ઓક્યુપેન્સી ટાઈમમાં નોંધપાત્ર ઘટાડો થશે. પરિણામે રનવેની ઉપયોગ ક્ષમતા લગભગ બમણી થવાની શક્યતા છે, જેનાથી વિમાનોની અવરજવર વધુ ઝડપી, સરળ અને સુરક્ષિત બનશે.

### સુરતને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ઉડ્ડયન નકશામાં વધુ મજબૂત સ્થાન અપાવશે

સુરત શહેરના ઝડપી ઔદ્યોગિક વિકાસ, વૈશ્વિક રોકાણ અને વધતી મુસાફરોની સંખ્યાને જોતા આવનારા સમયમાં વધુ એરક્રાફ્ટ બેયની જરૂરિયાત ઊભી થવાની સંભાવના પણ વ્યક્ત થઈ રહી છે. આ દિશામાં એરપોર્ટ પ્રશાસન લાંબા ગાળાના આયોજન સાથે તબક્કાવાર વિકાસ માટે સતત પ્રયાસ કરી રહ્યું છે. આધુનિક સુવિધાઓ સાથેનો આ વિસ્તરણ માત્ર ઓપરેશનલ કાર્યક્ષમતા જ નહીં વધારશે, પરંતુ સુરતને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ઉડ્ડયન નકશામાં વધુ મજબૂત સ્થાન અપાવશે. હવાઈ મુસાફરી ક્ષેત્રે આ એક મહત્વપૂર્ણ સિદ્ધિ ગણાય છે, જે શહેરના સર્વાંગી વિકાસને નવી ગતિ આપશે. સુરત એરપોર્ટ ભવિષ્યમાં વધુ આધુનિક સુવિધાઓ સાથે વિકાસના નવા માપદંડ સ્થાપિત કરવા પ્રતિબદ્ધ હોવાનું પણ અધિકારીઓએ જણાવ્યું છે.

# પ્રિ-મોન્સુન કામગીરીથી કમિ.નારાજ

**જવાબદારીનો** ખો ઝોન પર નાંખનાર અધિકારીઓને સસ્પેન્શનથી નિવૃત્તિ સુધીની ચીમકી

સુરતઃ સુરત મહાનગરપાલિકા કમિશનર એમ. નાગરાજએ આજે આઈ ટ્રિપલ સી ખાતે આરોગ્ય અને હેલ્થ વિભાગના અધિકારીઓ સાથે યોજાયેલી મીટિંગમાં વિવિધ મુદ્દાઓ પર ગંભીર નારાજગી વ્યક્ત કરી હતી. ખાસ કરીને પ્રિમોન્સુન કામગીરીની ધીમી ગતિ, ખાડીઓ પરના દબાણો દૂર કરવાની બાબતમાં બેદરકારી અને બીઆરટીએસ રૂટ પરની અવ્યવસ્થા મુદ્દે તેમણે અધિકારીઓને આડે હાથ લીધા હતા.

કમિશનરે તાજેતરમાં બીઆરટીએસ રૂટનો રાઉન્ડ લીધો હતો, જેમાં અનેક ખામીઓ સામે આવી હતી. બીઆરટીએસના બોર્ડની આસપાસ વૃક્ષોની ડાળીઓ, રાત્રે ઓછો પ્રકાશ સહિતના મુદ્દાઓ અંગે તેમણે બીઆરટીએસ વિભાગના કાર્યપાલક ઈજનેર માનસિંહ ચૌધરીને ટકોર કરી હતી. જોકે, ચૌધરીએ આ કામગીરી ઝોન લેવલે થતી હોવાનું કહી જવાબદારી ટાળવાનો પ્રયાસ કર્યો હતો. આ બાબતે અકળાયેલા કમિશનરે ઝોન કે અન્ય વિભાગ પર જવાબદારી ઢોળવાની વૃત્તિ પર કડક શબ્દોમાં ઠપકો આપ્યો હતો. સાથે જ આવી રીતે જવાબદારી ટાળનાર અધિકારીઓ સામે સસ્પેન્શનથી લઈને ફરજિયાત નિવૃત્તિ સુધીની કાર્યવાહી કરવાની ચીમકી આપતા અધિકારીઓમાં સોંપો પડી ગયો હતો.




## વોર્ડ નં.9 (રાંદેર-જહાંગીરાબાદ-પાલનપુર)

# કોંગ્રેસ-આપની લડાઈમાં ભાજપ માટે સલામત વોર્ડ

રાંદેર અને પાલનપુરનો આ વોર્ડ ભૌગોલિક રીતે મોટો અને જનસંખ્યાની દૃષ્ટિએ અત્યંત ગીચતા ધરાવતો વિસ્તાર છે. આ વોર્ડમાં 10 વર્ષ પહેલાં કોંગ્રેસનો દબદબો હતો. જો કે, વર્ષ-2021માં આ વોર્ડમાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે ટક્કર જોવા રહી હતી. પરંતુ આમ આદમી પાર્ટીના ત્રીજા પરિબળે કોંગ્રેસના વોટ કાપતાં ભાજપ માટે વિજય સરળ બની ગયો હતો. ભાજપે પાલનપુરના હિન્દુ બહુલ વિસ્તારોમાં જંગી લીડ મેળવી હતી. આમ આદમી પાર્ટીએ પણ અહીં નોંધપાત્ર મતો મેળવી કોંગ્રેસને નુકસાન પહોંચાડ્યું હતું. અહીં કુલ 2021માં 1,18,088 મતદાર અને 116 બુથ હતા. અન્ય વોર્ડની સરખામણીએ અહીં મતદારો ઘટવાનો ગ્રાફ ઓછો છે. નવી મતદાર યાદીમાં આ વોર્ડમાં 99,956 મતદાર છે અને બુથની સંખ્યા 109 છે. વર્ષ-2021માં અહીંથી ભાજપના ગૌરીબેન સાપરિયા, નેન્સી શાહ, કૃણાલ સેલર અને રાજન પટેલ જિત્યા હતા. જ્યારે બીજા નંબરે અહીં કોંગ્રેસના ઉમેદવારો રહ્યા હતા. ભાજપના ચારેય ઉમેદવાર મળી કુલ 1,14,332 મત મળ્યા હતા. જ્યારે કોંગ્રેસને અહીંથી 46,555 મત મળ્યા હતા. આમ, આદમી પાર્ટીના પહેલી વખત ચૂંટણી લડનાર ઉમેદવારોને 14,557 મત મળ્યા હતા. ભાજપ અને કોંગ્રેસ વચ્ચે 67 હજારથી વધુ મતોનું અંતર હતું.

### જાતિગત સમીકરણ

- **લઘુમતી મતોઃ** રાંદેરના જૂના વિસ્તારોમાં મુસ્લિમ સમુદાયની મોટી વસતી છે. આ મતદારો પરંપરાગત રીતે ભાજપ વિરોધી પક્ષો અને ખાસ કરીને કોંગ્રેસ તરફ ઝુકાવ ધરાવતા રહ્યા છે. જો કે, આમ આદમી પાર્ટીને પણ આ વોટ ડાયવર્ટ થઇ શકે.
- **ઓબીસી અને કોળી પટેલઃ** રાંદેર અને પાલનપુર ગામના મૂળ વતનીઓ એવા કોળી પટેલ અને અન્ય પછાત વર્ગોની સંખ્યા પણ અહીં મોટી છે, જેઓ હાર-જીત નક્કી કરવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે.
- **પાટીદાર અને શિક્ષિત મધ્યમ વર્ગઃ** પાલનપુર કેનાલ રોડ અને નવા વિકસિત વિસ્તારોમાં પાટીદાર, બ્રાહ્મણ અને જૈન જ્ઞાતિના મધ્યમ વર્ગીય પરિવારો વસેલા છે.
- **સ્થાનિક સુરતીઓઃ** રાંદેર ટાઉનમાં વર્ષોથી વસેલા સ્થાનિક સુરતી પરિવારોની પોતાની એક અલગ રાજકીય અને સામાજિક ઓળખ છે.

### આ વિસ્તારની મુખ્ય સમસ્યાઓ

ભાજપે પાલનપુર અને નવા વિકસિત સોસાયટી વિસ્તારોમાં વિકાસ મુદ્દે પોતાની પકડ મજબૂત કરવા પ્રયાસ કર્યો છે. પરંતુ રાંદેર ટાઉનમાં સાંકડા રસ્તા અને ટ્રાફિકની સમસ્યા, જૂની ડ્રેનેજ લાઈનો અને ગંદા પાણીનો નિકાલ, પાલનપુર કેનાલ રોડ પર સ્ટ્રીટ લાઈટ અને સફાઈના પ્રશ્નો મુખ્ય છે ઉપરાંત છેલ્લાં બે વર્ષથી મેટ્રોના કામના લીધે રસ્તાઓની ખરાબ હાલત અને પાલનપોર વિસ્તારમાં રખડતાં ઢોરની સમસ્યાથી લોકો ત્રાહિમામ પોકારી ઊઠ્યા છે.

### પુરુષ અને સ્ત્રી મતદારોની સંખ્યા

કુલ મતદાર: 99,956
પુરુષ મતદાર: 50,984
સ્ત્રી મતદાર: 48,970

### ભૌગોલિક સ્થિતિ

જહાંગીરપુરા ઇસ્કોન સર્કલથી રાંદેર ગામ, પાલનપુર ગામ, ગૌરવપથ ડાબી સાઇડના વિસ્તારો અને હજીરા રોડથી ડાબી તરફનો ભેંસાણ સહિતનો વિસ્તાર, પાલનપોર વિસ્તારમાં કટારિયા ઓટો સુધી. આ વોર્ડમાં રામનગર, રાંદેર ગામતળ, પાલનપોર ગામ અને જહાંગીરાબાદના વિસ્તારો.




# આપના શહેર મહિલા પ્રમુખ સહિત 9 હોદ્દેદારોના રાજીનામા

**મહિલા** ઉપપ્રમુખ, શહેર ઉપપ્રમખ, સંગઠન મંત્રી સહિત અન્યોનો રાજીનામામાં સમાવેશ

**શહેર** પ્રમુખ નીતા પટેલનો આક્રોશ "પૈસાના વ્યવહારથી ટિકિટ વહેંચાઈ, મહિલાઓ સાથે અન્યાય"

સુરતઃ સુરત મહાનગરપાલિકાની ચૂંટણી પૂર્વે આમ આદમી પાર્ટીમાં આંતરિક અસંતોષ હવે ચરમસીમાએ પહોંચ્યો છે. પક્ષની સુરત શહેર મહિલા પાંખના 9 હોદ્દેદારોએ એકસાથે રાજીનામું આપતાં રાજકીય વર્તુળોમાં ચકચાર મચી ગઈ છે.

શહેર મહિલા પ્રમુખ નીતા પટેલે ગંભીર આક્ષેપ કરતાં જણાવ્યું હતું કે પાર્ટીમાં ટિકિટ વહેંચણી દરમિયાન પૈસાનો વ્યવહાર કરવામાં આવ્યો છે. વર્ષો સુધી નિષ્ઠાપૂર્વક કાર્ય કરનાર મહિલા કાર્યકરોને અવગણીને પૈસાદાર અને ઓળખીતા નવા ચહેરાઓને ઉમેદવારી આપવામાં આવી છે. તેમણે વધુમાં જણાવ્યું કે પાયાના કાર્યકરો સાથે કોઈ ચર્ચા કર્યા વિના, પાર્ટી સાથે સીધો સંબંધ ન ધરાવતા અને "આયાતી" ઉમેદવારોને ટિકિટ આપવી ગેરવાજબી છે. મહિલાઓ સાથે અન્યાય થતાં મહિલા પાંખના હોદ્દેદારોએ વિરોધ સ્વરૂપે રાજીનામું આપવાનું પગલું ભર્યું છે. આ રાજીનામાઓને કારણે AAPમાં ચાલતો અસંતોષ અને અવિશ્વાસ ફરી સપાટી પર આવી ગયો છે.

### રાજીનામું આપનાર હોદ્દેદારો

- નીતા પટેલ (શહેર મહિલા પ્રમુખ)
- જાસમિકા ડાવરા (ઉપપ્રમુખ)
- ગીતાબેન લીંબાચીયા, શહેર ઉપપ્રમુખ
- સોનલબેન પાંડોલ, શહેર ઉપપ્રમુખ
- અલકાબેન પાંડે, સંગઠન મંત્રી (મહિલા વિંગ)
- ઇન્દિરા ગાંધી (સંગઠન મંત્રી)
- પુનમ તિવારી
- નીતુ ગુપ્તા
- લીલા પટેલ

# મેન્ડેટ નહીં મળતા કોંગ્રેસના દુર્ગા નિષાદની આત્મહત્યાની ચિમકી

**કોંગ્રેસની** યાદીમાં વોર્ડ નં.10માં દુર્ગા નિષાદનું નામ હતું પરંતુ તેને સત્તાવાર મેન્ડેટ અપાયો નહીં

**શહેર** પ્રમુખ વિપુલ ઉધનાવાળાનો દુર્ગા નિષાદનું નામ ભૂલથી યાદીમાં આવી ગયાનો બચાવ

સુરત : મહાનગરપાલિકાની ચૂંટણી પહેલા કોંગ્રેસમાં ટિકિટ ફાળવણી મુદ્દે વધુ એક વિવાદ સામે આવ્યો છે. પાર્ટીએ જાહેર કરેલી 120 ઉમેદવારોની યાદીમાં વોર્ડ નંબર 10 માટે દુર્ગા નિષાદનું નામ સામેલ હોવા છતાં તેમને સત્તાવાર મેન્ડેટ આપવામાં ન આવતા મામલો ગરમાયો છે.

દુર્ગા નિષાદે આ મુદ્દે શહેર કોંગ્રેસ પ્રમુખ વિપુલ ઉધનાવાલા પર ગંભીર આક્ષેપો કરતાં જણાવ્યું હતું કે, તેમણે ફોર્મ ભરવાની જાણ પ્રમુખને અગાઉથી કરી હતી અને તેમ છતાં તેમને મેન્ડેટ આપવામાં આવ્યો નથી. તેમણે આ સમગ્ર ઘટનાને "ગેમ" ગણાવી આરોપ લગાવ્યો કે વિપુલ ઉધનાવાલા ભાજપ સાથે સેટિંગ કરીને કામ કરી રહ્યા છે. દુર્ગા નિષાદે વધુમાં કહ્યું હતું કે જો તેમને ન્યાય નહીં મળે તો તેઓ તાપી નદીમાં કૂદી આત્મહત્યા કરશે અને તેની સંપૂર્ણ જવાબદારી કોંગ્રેસ પ્રમુખ પર રહેશે. તેમના આ નિવેદનથી રાજકીય વર્તુળોમાં ચકચાર મચી ગઈ છે.

બીજી તરફ શહેર કોંગ્રેસ પ્રમુખ વિપુલ ઉધનાવાલાએ આક્ષેપોને નકારી કાઢતા જણાવ્યું હતું કે દુર્ગા નિષાદનું નામ ઉમેદવારોની યાદીમાં ભૂલથી સામેલ થઈ ગયું હતું, જ્યારે વાસ્તવમાં મેન્ડેટ અન્ય ઉમેદવારને અપાયેલો હતો. આ ઘટનાએ કોંગ્રેસની આંતરિક ગોઠવણી અને ટિકિટ ફાળવણી પ્રક્રિયા પર ફરી સવાલો ઊભા કર્યા છે, ખાસ કરીને ચૂંટણી પહેલા આવા વિવાદો પાર્ટી માટે નુકસાનકારક સાબિત થઈ શકે છે.

## વોર્ડ નંબર -10 (અડાજણ-પાલ-ઈચ્છાપોર)

# હાઈપ્રોફાઈલ મતદારોનો વોર્ડ છતાં પણ અનેક સમસ્યાઓ યથાવત

સુરતઃ આ વોર્ડ સુરત શહેરનો સૌથી હાઈ-પ્રોફાઈલ, આધુનિક અને શિક્ષિત મતદારો ધરાવતો વિસ્તાર ગણાય છે. અહીં માથાદીઠ આવક અને લિટરસી રેટ અન્ય વોર્ડ કરતા ઘણો ઊંચો છે. વર્ષ 2021માં આ વોર્ડમાં ભારતીય જનતા પાર્ટીની આખી પેનલનો ભવ્ય વિજય થયો હતો. વર્ષ 2021માં આ વોર્ડમાં 1,18,088 મતદારો અને 116 બુથ હતા. SIR બાદ અહીં બહુ ઓછા મતદારોના નામ કમી થયા હોવાથી નવી મતદારયાદીમાં આ વોર્ડમાં 1,07,926 મતદારો રહ્યા છે અને 114 બુથ છે. વર્ષ 2021માં અહીથી ભાજપના દિવ્યા રાઠોડ, ઉર્વશી પટેલ, નિલેશ પટેલ અને ધર્મેશ વાણિયાવાલા જીત્યા હતા. જ્યારે બીજા નંબરે અહી આમ આદમી પાર્ટીના ચારેય ઉમેદવારો રહ્યા હતા અને કોંગ્રેસ છેક ત્રીજા નંબરે રહ્યું હતું. ભાજપના ચારેય ઉમેદવારો મળીને કુલ 1,39,666 મતો મળ્યા હતા. જ્યારે આમ આદમી પાર્ટીના પહેલી વખત ચુંટણી લડનાર ઉમેદવારોને 17,096 મતો મળ્યા હતા. અને કોંદ્રેસને 12,596 મતો મળતા ત્રીજા ક્રમે ધકેલાયું હતું. ભાજપ અને આપ વચ્ચે 1,22,570 મતોનું અંતર હતું

### જાતિગત સમીકરણ

- શિક્ષિત મધ્યમ અને ઉચ્ચ વર્ગ: અડાજણ અને પાલ વિસ્તારમાં બ્રાહ્મણ, જૈન, વાણિયા અને લોહાણા જ્ઞાતિના મતદારોની બહુમતી છે. આ મતદારો મોટે ભાગે વ્યવસાયીઓ, ડોક્ટરો, એન્જિનિયરો અને મોટા વેપારીઓ છે.
- પાટીદાર સમાજ: પાલ અને હજીરા રોડ તરફની નવી હાઈ-રાઈઝ સોસાયટીઓમાં પાટીદાર મતોની સંખ્યા પણ નોંધપાત્ર છે, જેઓ વિકાસના મુદ્દે મતદાન કરે છે.
- સ્થાનિક સુરતીઓ: અડાજણ ગામ અને આસપાસના જૂના વિસ્તારોમાં સ્થાનિક સુરતી પરિવારો વસેલા છે, જેઓ દાયકાઓથી ભાજપની વિચારધારા સાથે જોડાયેલા છે.
- કોળી પટેલ અને અન્ય: પાલ અને ઈચ્છાપોર તરફના અમુક ભાગોમાં સ્થાનિક કોળી પટેલ અને શ્રમિક વર્ગના મતો છે, પરંતુ તેમની સંખ્યા કુલ મતોની સરખામણીએ ઓછી છે.

### પુરુષ અને સ્ત્રી મતદારોની સંખ્યા

**કુલ મતદારોઃ** 1,07,926
**પુરુષ મતદારોઃ** 54,719
**સ્ત્રી મતદારોઃ** 53,207

### વોર્ડની મુખ્ય સમસ્યાઓ

આ વોર્ડમાં રસ્તાના દબાણો, બીલાડીના ટોપની જેમ ફુટી નિકળેલા ફુડ કોર્ટના કારણે ઉભા થતા ન્યુસન્સ ટ્રાફિક વ્યવસ્થાપન, ગાર્ડન અને ખુલ્લી જગ્યાઓની જાળવણીમાં મનપાની બેદરકારી ખુલ્લી જગ્યામાં થતા કચરાના ઢગલા, ખાડીમાં ગંદકીના કારણે મચ્છરોનો ત્રાસ તેમજ અવધપુરી જેવી સોસાયટીઓમાં ચોમાસામાં પાણી ભરાવું ઉપરાંત હાલમાં આ વિસ્તારમાં ખરાબ રસ્તાઓ તેમજ ડ્રેનેજ કે પાણીની લાઈનો નાખ્યા બાદ કામગીરી પડતી મુકવા સહિતની અનેક મુખ્ય સમસ્યાઓ છે.

### ભૌગોલિક સ્થિતિ

પુર્વ દિશામાં આનંદમહેલ રોડ, પશ્ચિમે ઇચ્છાપોર પોલીસ સ્ટેશન, દક્ષિણમાં બદ્રીનારાયણ મંદિરની સામેની લાઇન છેક હનીપાર્ક રોડ પર ડાબી સાઇડનો વિસ્તારથી છેક ભૂમિ કોમ્પ્લેક્ષની ગલી સુધી. સાથે સાથે તેના અંદરના વિસ્તારો વિધાકુંજ સ્કુલ, ગંગેશ્વર મહાદેવવાળા રોડના બંને બાજુના વિસ્તારો, પાલનપોર હેલ્થ સેન્ટર, સંતતુકારામ સોસાયટી વિભાગ 6 સુધી ત્યાંથી આગળ જતા અવધપુરી સોસાયટી, પાલનપોર ગામનો અમુક વિસ્તાર, ભાઠા, ભાટપોર, પાલ અને ઇચ્છાપોર વિગેરે ગામો.

